## જન્મદિને વધામણી


આરવીબા વિવેકસિંહ ચૌહાણ


હાર્દિબા અજિતસિંહ વાઘેલા
મો. ૭૬૯૮૫ ૭૫૨૧૮


નવ્યા જે ધરવાડિયા


લીઝા મનોજભાઈ વાઘેલા

# બ્રહ્માકુમારીઝ દ્વારા શિવરાત્રીની ભવ્ય ઉજવણી





ગાંધીનગર, તા. ૧૩

બ્રહ્માકુમારી કેન્દ્ર, સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે પરમપિતા શિવ પરમાત્માની ૮૨મી ત્રિમૂર્તિ શિવજયંતિ કેન્ડલ લાઈટીંગ, કેક કટીંગ, શિવ ધ્વજારોહણ, ગગનભેદી શિવ સંદેશ ફુગ્ગા ઉડાન અને શિવ પરમાત્માની ઝાંખીના દર્શન સાથે મનાવવામાં આવી હતી.

શિવજયંતિ મહોત્સવ અંતર્ગત શિવશક્તિ ભવન, બ્રહ્માકુમારીઝ સેક્ટર-૨૮, ગાંધીનગર ખાતે યોગાભ્યાસ, શિવ પરમાત્માને વિશેષ ભોગ અર્પણ અને સ્વયમ શિવ પરમાત્મા દ્વારા પ્રજાપિતા બ્રહ્માના મુખાર્વિંદથી સંભળાવેલ સત્ય ગીતાજ્ઞાનનો 'મુરલી' કલાસ રહેલ. ત્યારબાદ એક આધ્યાત્મિક સ્નેહમિલનનું આયોજન કરેલ છે. આ સ્નેહમિલનમાં (૧)ભગિની ઈન્દ્રાણી મેડમ, મહિલા કમાન્ડન્ટ, સી.આર.પી.એફ. ગાંધીનગર, (૨)ભ્રાતા વસંતભાઈ પરાસ્રામકા, ડેપ્યુટી પ્રેસીડેન્ટ, ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ કલ્પતરુ પૉવર ટ્રાન્સમિશન લી. ગાંધીનગર અને ભગિની સુમનબેન પરાસ્રામકા, વેલફેર કલબ ઓફિસર (૩) ભ્રાતા ભરતભાઈ પટેલ મહાત્મા મંદિર, (૪) ભ્રાતા ભરતભાઈ જટાનીયા, કટક, (૫) ભ્રાતા રમેશભાઈ પટેલ, કેપિટલ ઓફસેટ્સની ખાસ ઉપસ્થિતિમાં જગદંબા ભવન, બ્રહ્માકુમારીઝ ચિલોડાના સંચાલિકા બી.કે.તારાબેને મહાશિવરાત્રિનું સાચું આધ્યાત્મિક રહસ્ય સ્પષ્ટ કરી સ્વયમ શિવ પરમાત્માના સીધા નિર્દેશનથી બ્રહ્માકુમારીઝ માધ્યમ દ્વારા ચાલી રહેલ વિશ્વ પરિવર્તનના ભગિરથ કાર્યથી સૌને માહિતગાર કરેલ. ઉપસ્થિત મહેમાનો એ તેમના ઉદબોધન અને શુભ વધાઈઓ આપેલ. આ પ્રસંગે "જ્યોતિ જગાલો, અંધેરા મિટાદો, શિવ કો અપને દિલ મેં બસાલો...." ના ગીત ગુંજન સાથે સૌએ કેન્ડલ પ્રગટાવી અજ્ઞાન અંધકાર દૂર કરવાનો સંદેશ વહેતો કરેલ., પરમાત્માના દિવ્ય જન્મ અને ત્રિમૂર્તી શિવ પરમાત્માના ત્રણ કર્તવ્ય (૧) બ્રહ્મા દ્વારા નવી દુનિયાની સ્થાપના, (૨) શંકર દ્વારા પુરાની વિકારી દુનિયાનો વિનાશ અને (૩) વિષ્ણુ દ્વારા નવી સતયુગી દુનિયાની પાલનાની યાદગાર રૂપ બનાવેલ વિશેષ કેકનું કટીંગ કરવામાં આવેલ અને અંતે ગાંધીનગર સેવાકેન્દ્ર સંચાલિકા રાજયોગિનિ આદરણીય કૈલાશદીદીએ સૌને આશીર્વચન આપેલ.

સ્નેહમિલન બાદ આમંત્રિત મહેમાનો સાથે વિધ્યાલયના ૩૦૦ જેટલાં નિયમિત વિધ્યાર્થીઓ-બ્રાહ્મણકૂળ ભૂષણોના ઉપસ્થિતિમાં પરમપિતા શિવ પરમાત્માનો ધ્વજ ફરકાવામાં આવેલ. રાજયોગિનિ કૈલાશદીદી દ્વારા વિશ્વમાં પુનઃ શાંતિના સ્થાપના, માટે તન, મન, ધન, મન, વચન અને કર્મથી કટિબધ્ધ થવા પ્રતિજ્ઞા લેવડાવામાં આવેલ. અને પરમાત્માનો સંદેશ જન જન સુધી પહોંચે તે માટે ગગનમાં ૨૦૦ સંદેશ ટેગ કરેલ ફુગ્ગાઓ ઉડાડવામાં આવેલ. પ્રસંગોપાત આયોજિત નિરાકાર શિવ પરમાત્માની વિશેષ ઝાંખી પણ દર્શનાર્થે ખુલ્લી મુકવામાં આવી હતી.

સૅક્ટર-૨ કેન્દ્ર

પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વવિદ્યાલ, સૅક્ટર-૨ સીના ઉપક્રમે સંસ્થાના કેન્દ્ર ખાતેથી ભવ્ય શોભાયાત્રાનું પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ભાવિક ભાઈ-બહેનો ખૂબ મોટી સંખ્યામાં યાત્રામાં જોડાયાં હતાં.

પ્રારંભમાં કેન્દ્ર સંચાલિકા બ્રહ્માકુમારી ભાવનાદીદીએ મહા શિવરાત્રીનું સાચું આધ્યાત્મિક રહસ્ય સમજાવીને સૌને શિવ જયંતિ મહોત્સવ વિશે વિસ્તૃત માહિતી આપી હતી. સ્થાનિક નગરસેવક નરેશભાઈ પરમાર અને પ્રવિણાબેન વોરાએ ખાસ ઉપસ્થિત રહીને શિવ પરમાત્મા દ્વારા બ્રહ્માકુમારીઝ દ્વારા ચાલી રહેલા વિશ્વ પરિવર્તનના ભગીરથ કાર્યથીત સૌને માહિતગાર કર્યા હતા. બંને મહાનુભાવો તેમજ બ્રહ્માકુમારી ભાવનાદીદી દ્વારા શિવ ધ્વજારોહણ બાદ ફુગ્ગા ઉડાડી શિવ સંદેશનો મહિમા વહેતો કરવામાં આવ્યો હતો. તેમણે લીલી ઝંડી બતાવીને શોભાયાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

શોભાયાત્રામાં સંગીતના તાલ સાથે શિવપિતાના ધ્વજની વિશ્વ શાંતિ અને આધ્યાત્મિક ઉન્નતિ માટેનાં સંગીતમય ગીતોની રસલ્હાણ કરાવવામાં આવી હતી.

પ્રથમ સ્તરે મોટરસાઈકલ, બીજે સ્તરે સ્કૂટર અને ત્રીજા સ્તરે મોટરકાર અને મોટી સંખ્યામાં પદયાત્રીઓ પણ આ શોભાયાત્રામાં જોડાયા હતા. સમગ્ર સૅક્ટર-૨ના મુખ્ય માર્ગો અને આંતરિક માર્ગો પર આ શોભાયાત્રા ફરી હતી. પરમાત્માના સંદેશને વ્યક્ત કરતાં બૅનર્સ સહિત ભાવિકો અને શિસ્તબદ્ધ નાગરિકો આ શોભાયાત્રામાં જોડાયા હતા. મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકોએ શોભાયાત્રાનાં દર્શન કર્યાં હતાં.

શોભાયાત્રાનું સમાપન પ્રસંગે ગાંધીનગર કેન્દ્રનાં મુખ્ય સંચાલિકા કૈલાશદીદી ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં, જેમણે શિવના દિવ્ય અવતરણની યાદગાર મહા શિવરાત્રીના પાવનતમ પર્વનો મહિમા સૌને જણાવ્યો હતો.

# આજે વિશ્વને શાંતિ અને સદભાવનાની વધુ જરૂર છે

ગાંધીનગર,તા. ૧૩

૧૮મી ફેબ્રુઆરીએ અમદાવાદ ખાતે યોજાનારી 'વસુધૈવ કુટુમ્બકમ' કોન્ફરન્સ માટે લંડનના હેરોથી ખાસ અમદાવાદ આવેલા ત્યાંના સાંસદ બોબ બ્લેકમેન અને પોલીસ કમાન્ડર સાયમન ઓવન્સે અમદાવાદના એક અખબાર સાથે ખાસ વિશ્વ શાંતિ અને સદભાવના મુદ્દે વાતચીત કરી હતી. બોબે જણાવ્યું હતું કે,'આજે વિશ્વને શાંતિ અને સદભાવનાની વધુ જરૂર છે. યુદ્ધના બદલે સંવાદનો વિકલ્પ શ્રેષ્ઠ છે. દુનિયામાં જે રીતે ગ્લોબલ વૉર્મિંગ અને વસ્તી વધારાના પગલે પાણી અને ખોરાકનું સંકટ ઊભું થયું છે. તે જોતાં એ સ્પષ્ટ છે કે દરેક વ્યક્તિને પાણી અને ખોરાક મળી રહે તો જ વિશ્વમાં શાંતિની સ્થાપના થશે. તેથી દરેક રાષ્ટ્રે પાણીનું સંરક્ષણ કરવું જોઈએ અને કૃષિ ઉત્પાદનમાં વધારો કરવો જોઈએ.'

દરેક ધર્મ અને જ્ઞાતિને એક મંચ પર એકત્ર કરી શાંતિ સ્થાપવાના આશય સાથે આ કોન્ફરન્સનું આયોજન થઈ રહ્યું છે. ત્યારે ઈન્ટરનેશનલ સિદ્ધાશ્રમ શક્તિ પીઠ લંડન સાથે જોડાઈને બોબ બ્લેકમેન અને સાયમન ઓવન્સ વિશિષ્ટ સેવાઓ આપે છે. સાયમને કહ્યું હતું કે,'હેરો વિવિધ ધર્મ અને સમુદાયના લોકોથી બનેલું અનોખું શહેર છે. અહીં હિન્દુ, મુસ્લિમ, જયુઈશ, ક્રિશ્ચિયન, જૈન જેવા અનેક ધર્મમાં માનનારી કોમ્યુનિટી રહે છે. આ તમામ કોમ્યુનિટીને સાથે રાખીને અમે હેરોનું ક્રાઈમ રેટ ઘટાડવામાં સફળ રહ્યા છીએ. એક સલામત શહેરનું નિર્માણ કરી શક્યા છીએ.' બોબે કહ્યું હતું કે,'મેં ભારતના લોકોની નવરાત્રિ અને દિવાળીની ઉજવણી માટેની મુશ્કેલી દૂર કરી છે. હું આ લોકોનો પ્રતિનિધિ છું અને મારા મતદારો પૈકી ૩૭ ટકા ગુજરાતી છે. ભારતમાં સૌથી વધુ યુવાનો છે, તેઓ વિશ્વમાં શાંતિદૂત બનીને સદભાવના ફેલાવી શકે છે. સાંસ્કૃતિક, શિક્ષણ અને વેપારના આદાન-પ્રદાનના માધ્યમથી બે રાષ્ટ્રો વચ્ચે સદભાવ અને મિત્રતા વધી શકે છે.'

# ગાંધીનગરના કલાકારો કપડવંજ અને પેટલાદમાં ઝળક્યા





ગાંધીનગર,તા. ૩૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીની આર્થિક સહાયથી નિર્મિત સામાજિક નાટક 'છટકેલ છોકરીઓ'નું મંચન કપડવંજ અને પેટલાદ ખાતે કરવામાં આવ્યું હતું.

ઉલ્લેખનીય છે કે આ નાટકનો પ્રથમ શો ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો હતો અને ત્યારબાદ અન્ય બે શો અનુક્રમે કપડવંજ અને પેટલાદ ખાતે યોજવામાં આવ્યા હતા. ગાંધીનગર ખાતે નાટકને જેવો પ્રોત્સાહક પ્રતિસાદ મળ્યો હતો તેવો જ પ્રતિસાદ કપડવંજ અને પેટલાદ ખાતે પણ પ્રાપ્ત થયો હતો.

મનીષ પાટડિયા લિખિત-દિગ્દર્શિત આ મનોરંજક નાટકમાં કરિશ્મા પાટડિયા, હાર્દિકા શુક્લ, પ્રતીક્ષા નિમાવત ઉપરાંત કુંતલ નિમાવત દ્વારા અસરકારક અભિનય આપીને બંને સ્થળે પ્રેક્ષકોની ભરપૂર વાહવાહી પ્રાપ્ત કરવામાં આવી હતી.

નાટકના ઍસોસિએટ ડિરેક્ટર કુંતલ નિમાવત અને પ્રૉડક્શન ઈન-ચાર્જ હિમાંશુ ભચેચ હતા. સંગીત પર્વ નિમાવત, સંગીત સંચાલન મયંક ભટ્ટ, લાઈટ સંચાલન સાબિર મલેક, ડ્રેસીંગ્સ મનીષા ખત્રી, મેક-અપ દિપલ પરમાર, નીતા ભચેચ, સૅટીંગ્સ અનુજ સોલંકી, કલીમ હાશમી, વિપુલ સેનમા, મૌલિક ગોહિલ અને સચિન ઠાકોર દ્વારા તથા નેપથ્યની સેવા હિતાર્થ શ્રોત્રિય, પ્રતીક હિરપરા, નીરજ, અર્થ સાધુ અને હરિકૃષ્ણ સેંજલીયા દ્વારા આપવામાં આવી હતી.

નાટકનું વિષયવસ્તુ સૌને નવતર લાગ્યું હતું અને નાટકમાં આવી સંવેદનશીલ બાબતનો સમાવેશ સૌએ એક અવાજે વખાણ્યો હતો. નાટકની યાદગાર દશ્યરચના અને નૃત્યએ પણ પ્રેક્ષકોને મોહિત કર્યા હતા. એમાંય નાટકની બે નાયિકા - હાર્દિકા શુક્લ અને કરિશ્મા પાટડિયા સાથે મળીને જૂના યાદગાર ફિલ્મી ગીત પર નૃત્ય કરે છે એ દશ્ય તો પ્રેક્ષકોને ખૂબ ગમી ગયું હતું. નાટકની શરૂઆત શાંત રસથી કરવામાં આવી હતી, ત્યારબાદ તેમાં ભરપૂર હાસ્યરસ ઉમેરવામાં આવ્યો હતો અને છેવટે આ નાટક સંવેદનાના ઉચ્ચ શિખર સુધી પ્રેક્ષકોને લઈ ગયું હતું. અત્યાર સુધી પોતે જોયેલાં યાદગાર નાટકોમાં આ નાટકને સ્થાન મળ્યું હોવાનો એકરાર પ્રેક્ષકોએ ખુલ્લા દિલે કર્યો હતો.

સાવ નવા અને આધુનિક વિષયવસ્તુને વણીને તૈયાર કરવામાં આવેલા આ અનોખા નાટકને માણવા માટે કપડવંજમાં શિવરંજની કલ્ચર ગૃપના પ્રમુખ શૈલેષ પટેલ અને સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

પેટલાદમાં આ સફળ નાટકના શોનું મંચન શ્રી ચૌદ ગામ કેળવણી ઉત્તેજક ટ્રસ્ટ સંચાલિત સ્વામી સચ્ચિદાનંદ વિદ્યાસંકુલ અને ઍક્સેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા કરવામાં આવ્યું હતું. નાટકને માણવા માટે પેટલાદની કલાપ્રેમી જનતા મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. ટ્રસ્ટના ટ્રસ્ટીઓએ પણ મોટી સંખ્યામાં સપરિવાર ઉપસ્થિત રહીને નાટકને માણ્યું ને વખાણ્યું હતું.

# કલાકારો દ્વારા શિવરાત્રીની કલાસભર ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૧૩

તાંડવ અને નૃત્યના દેવ નટરાજની સ્તુતિ માટે લગભગ છેલ્લા દસ વર્ષથી મહાશિવરાત્રિના પ્રસંગે કલાયમ નર્તન એકેડેમી દ્વારા વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. આ વખતના નૃત્ય મહોત્સવમાં કલાયામ એકેડેમી સહિતના ૧૫૨થી વધુ કલાકારો નૃત્યની વિવિધ શૈલી રજૂ કરી રહ્યા છે. ૧૧થી ૧૩ ફેબ્રુઆરી દરમિયાન યોજાયેલા આ મહોત્સવના પ્રથમ દિવસે એચ.કે. આર્ટ્સ કોલેજના સભાગૃહમાં ભરતનાટ્યમ તેમજ ઓડિસીનો કાર્યક્રમ યોજાયો હતો. શહેરના જાણીતા ઓડિસી નૃત્યાંગના સુપ્રભા મિશ્રાએ શિવાષ્ટક રજૂ કર્યું, જેમાં શિવના શણગારનું વર્ણન છે. સુપ્રભા મિશ્રા દ્વારા જ તૈયાર કરાયેલા આ નૃત્યમાં તેમણે શિવના આભૂષણનું વર્ણન કરતો શ્લોક બંદે શંભુથી શરૂઆત કરી હતી. જેમાં ત્રિનેત્ર, સૂર્ય, ચંદ્ર, અગ્નિ, નીલકંઠ, જટામાં બિરાજેલો ચંદ્ર તેમજ નાગભૂષણનું વર્ણન કર્યું. રાગ માલકૌંસમાં અને એકતાલમાં થયેલી આ સુંદર રજૂઆતને દર્શકોએ ભરપૂર દાદ આપી હતી. મહોત્સવના બીજા દિવસે કામનાથ મહાદેવ ખાતે કલાયમના તાલીમાર્થીઓ દ્વારા જ ભરતનાટ્યમથી કાર્યક્રમની શરૂઆત થઈ હતી. ત્યારબાદ કેરાલાથી આવેલાં સાંદ્રા પિશારોડીએ મોહિનીઅટ્ટમ રજૂ કર્યું. ત્યારબાદ ભિલાઈથી આવેલાં ડૉ. રથિશ બાબુ અને શ્વેતા નાયકે કુચીપુડી નૃત્ય રજૂ કર્યું. બીજા દિવસના કાર્યક્રમોની પૂર્ણાહુતિ દિલ્હીથી આવેલાં અભિમન્યુ લાલ અને વિભા લાલના કથક નૃત્ય પ્રસ્તુતિથી થઈ હતી. આ દરેક રજૂઆતને દર્શકોએ મોટી સંખ્યામાં હાજર રહીને માણી હતી. આ બીજા દિવસના કાર્યક્રમોને માણવા શહેરના મેયર ગૌતમ શાહ તેમજ સપ્તક સ્કૂલ ઓફ મ્યુઝિકના ટ્રસ્ટી મંજૂ મહેતા ખાસ હાજર રહ્યા હતાં..

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન - ૨**
પેડમૅન
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પેડમૅન
૧૧.૦૦, ૨.૦૦
૫.૦૦, ૮.૦૦

**સ્ક્રીન-૪**
પેડમૅન
સવારે ૧૦.૦૦
ટાઈગર ઝીંદા હૈ
૧.૦૦
ચાલ મન જીતવા જઈએ (ગુજરાતી)
૪.૦૦, ૭.૧૫
લવની ભવાઈ (ગુજરાતી)
૯.૩૦

# લાગણી ના હોવાનો દંભ અને તેની વેદનાભરી ટીસ




vamlani2000@yahoo.co.uk

એક યુવક અને એક યુવતી. બંને કોઈ એક સાંસ્કૃતિક મેળાવડામાં મળ્યા. ત્રણેક દિવસ એ મેળવડામાં બંનેને સાથે રહેવાનનું થયું. બંને વચ્ચે ઓળખાણ થઈ અને એ ઓળખાણ દોસ્તીમાં ફેરવાઈ ગઈ. મેળાવડામાંથી ત્રણ દિવસ પછી બંને છૂટા પડ્યા. બંનેએ એકબીજાના સંપર્કમાં રહેવાની ખાતરી આપી.

બંને છૂટા પડ્યા પછી વ્હોટ્સએપ દ્વારા બંને સતત સંપર્કમાં રહે. એકબીજાના વિચારોની આપ-લે કરે. બંને એકબીજાના ક્ષેત્રમાં શક્ય એટલી મદદ કરે. ક્યારેક, ક્યારેક, પ્રસંગોપાત બંને વચ્ચે ફોન દ્વારા વાતચીત પણ થાય. આમ બંનેની દોસ્તીને " પાકકી" દોસ્તીની મહોર લાગી ગઈ.

દોસ્તીના છ-આઠ મહિનાના સમય દરમિયાન યુવતીને એ યુવક ગમવા લાગ્યો. યુવતી એ યુવકને મન ને મનમાં ચાહવા લાગી. યુવતીના હૃદયમાં "દોસ્તી"થી આગળ સંબંધો વધારવાની ઈચ્છા થઈ. યુવતીના મનમાં પ્રેમના અંકુરો ફૂટવા લાગ્યા. યુવતી એ યુવક સાથે લગ્ન કરીને ગૃહસ્થી માંડવાના સ્વપ્નો જોવા લાગી. યુવતી પોતાને થતી એ લાગણીની અભિવ્યક્તિ ક્યારેક કવિતાઓ, ક્યારેક ગીતો, ક્યારેક ફોટો તો ક્યારેક શાયરીઓ દ્વારા યુવક સમક્ષ વ્યક્ત કરવા લાગી.

યુવક પણ એ યુવતીની વ્યક્ત થયેલી લાગણી ને સમજી ગયો અને યુવતીના દરેક મેસેજને પ્રતીભાવ આપવા લાગ્યો પણ એવી કાળજી રાખીને કે પોતાના મનમાં શું છે એ યુવતી કળી ના જાય. પોતાની લાગણીઓ કોઈપણ રીતે વ્યક્ત ના થઈ જાય એની એ યુવક પૂરી કાળજી રાખે. ટૂંકમાં, એ યુવક યુવતીની વ્યક્ત થયેલી લાગણીઓને ક્યારેય હકારાત્મક પ્રતીભાવ પણ ના આપે અને ચોખ્ખી ના પણ ના પાડે. પોતાની લાગણીઓને અને યુવતીની લાગણીઓને સતત અધ્ધરતાલ જ રાખે.

યુવતીએ એ યુવાનનું મન કળવા માટે ઘણો પ્રયાસ કર્યો, પણ યુવક ખૂબ જ સચેત રહ્યો અને પોતાનું મન કળાવા જ ના દીધું.

ઘણાબધા પ્રયત્નો પછી પણ યુવાનની લાગણીઓ સ્પષ્ટ ના થઈ, યુવકનું મન એ યુવતી કળી ના શકી. અંતે યુવતીએ એવું તારણ કાઢ્યું કે પોતે એ યુવકને ગમતી નથી અને કોઈપણ સંજોગોમાં એ યુવક પોતાને સ્વીકારશે નહીં અને યુવકને પોતાનો નહીં કરી શકે એટલે યુવતીએ એ યુવક સાથેના વ્યવહારો અચાનક જ એકદમ ઓછા કરી દીધા. માત્ર " શુભ સવાર" અને "શુભ રાત્રી" ના જ સંદેશાઓ અને ક્યારેક પ્રસંગોપાત " શુભકામના" ના સંદેશાઓ સિવાય બધા જ પ્રકારના સંદેશાઓ, વાતચીત અને ફોનકોલ્સ બંધ કરી દીધા.

યુવતીના સંદેશાઓ, વાતચીત, ફોનકોલ્સ, મુલાકાતો અચાનક જ બંધ થઈ ગયા એટલે યુવકને ઝટકો લાગ્યો કહો કે આઘાત જ લાગ્યો. યુવતી સાથે વ્યવહારો બંધ થઈ ગયા એટલે યુવકના મનમાં ચરચરાટી થવા લાગી. ક્યારેક ક્યારેક યુવક બેચેની પણ અનુભવવા લાગ્યો.

અગાઉ પોતે યુવતીના સંદેશાઓનો જ પ્રતિભાવ આપતો તે હવે પોતે યુવતીને વધારે સંદેશાઓ મોકલવા લાગ્યો. યુવતી પણ હવે એકદમ મક્કમ થઈ ગઈ હતી એટલે પોતે પ્રતિભાવો આપવા બંધ કરી દીધા. યુવતી તરફથી પોતાને કોઈ પ્રતીભાવ ના આવે એટલે યુવક અસ્વસ્થ થઈ જવા લાગ્યો. ધીમે ધીમે યુવાનની બેચેની એટલી વધી ગઈ કે એ વ્હોટ્સએપ ઉપર યુવતીના "લાસ્ટસીન " જોયા કરે. યુવતીનું "સ્ટેટસ " તપાસ્યા કરે. પોતે મોકલેલા સંદેશાઓના "બ્લૂ ટીક "ની રાહ જોયા કરે. યુવતી "ઓનલાઈન " છે કે નહીં એ સતત તપસ્યા કરે. મોડી રાત્રે યુવતી "ઓનલાઈન" હોય તો સંદેશો મોકલીને પૂછે કે " હજી કેમ જાગે છે ?" યુવતીનો પ્રતીભાવ ના આવે ત્યાં સુધી યુવક જાગ્યા કરે અને યુવતીને સૂચન પણ કરે કે " અડધી રાત થઈ ગઈ છે, સૂઈ જા" આમ પોતાની લાગણી યુવતી કળી ના જાય તેની યુવકે પૂરતી ખેવના કરી હતી પણ તેના વર્તનમાં તેની લાગણી સતત ડોકાયા કરે.



એ યુવકના એ યુવતી પ્રત્યેના વર્તનનું મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરતાં એવું લાગે છે કે તેના અંતરમાં પણ એ યુવતી પ્રત્યે લગાવ હતો, સ્નેહ હતો, લાગણી હતી, પ્રેમ હતો અને ચાહત હતી. એ યુવકના હૈયામાં પણ પ્રણયના અંકુરો ફૂટયા હશે. એ યુવકને પણ એ યુવતી સાથે પોતાના મનની વાત પેટ ભરી ને કરવાની ઈચ્છા થતી હશે. એ યુવક ને પણ " આઈ મીસ યુ" કહીને પોતાની ચાહતની અભિવ્યક્તિ કરવાની ઈચ્છા થતી હશે પણ પોતાની અંદર તેને કોઈ રોકી રહ્યું હશે. પોતાની અંદરથી જ કોઈ તેને "રૂક જા" કહેતું હશે. પોતાની અંદર એ યુવકને કોણ રોકતું હતું એ કદાચ યુવક પણ નહીં જાણતો હોય પણ કોઈ એક એવું તત્વ હોય જે યુવકને એ યુવતી તરફ ખેંચતું પણ હશે અને બીજું કોઈ એક તત્વ જે યુવકને યુવતીની નજીક જવા માટે રોકતું હશે. યુવકની માનસિક અવઢવ અને પરિણામ- યુવકનું દંભી વર્તન. યુવકનો "ઈગો". આ બધુ જ યુવકને આવું વર્તન કરવા પ્રેરિત કરતું હશે. કોઈ પણ વ્યક્તિના આ પ્રકારના દંભી વર્તન કારણને સમજવું ખુબ જ કઠિન છે.

માનવીય સંબંધોમાં કોઈપણ વ્યક્તિને કોઈપણ વ્યક્તિ પ્રત્યે કોઈપણ પ્રકારની લાગણી હોય શકે. સ્નેહ, પ્રેમ, દયા, માયા વિશ્વાસ અને પ્રણય જેવી લાગણીઓ થકી જ સંબંધોના સેતુ રચાતા હોય છે અને ટકી રહેતા હોય છે. કોઈપણ સ્નેહી કે સંબંધી પ્રત્યેની લાગણી વ્યક્ત કરવી એ સંબંધની જરૂરિયાત છે અને વ્યક્તિનો અધિકાર પણ છે. લાગણીની અભિવ્યક્તિ જ સંબંધોની ધરોહર છે.

(ક્રમશઃ)